ગુજરાત - યુવા પ્રતિભા વિશેષ



# વિશાલ મોણપરા કી-બોર્ડના જાદુગર

મૂળ જૂનાગઢના ૩૩ વર્ષના યુવાન વિશાલ મોણપરાએ અમેરિકાના હ્યુસ્ટનમાં બેસીને આઠ ભાષામાં સરળતાથી ટાઇપિંગ કરી શકાય એવા કી-બોર્ડનું સર્જન કર્યું છે.

કમ્પ્યૂટરનો વપરાશ કી-બોર્ડ વગર શક્ય નથી અને કી-બોર્ડ પરનું લખાણ અંગ્રેજીમાં હોય છે. અંગ્રેજી ન જાણતા હોવા છતાં તમારે કી-બોર્ડનો ઉપયોગ કરવો હોય તો? તો તમારે ગુજરાતી યુવાન વિશાલ મોણપરાને યાદ કરવા પડે.

ગુજરાતીમાં ટાઇપિંગ આજે તો બહુ સરળ છે, પણ જ્યારે કમ્પ્યૂટરમાં અંગ્રેજી સિવાય કોઈ ભાષાને એન્ટ્રી ન હતી એ વખતે વિશાલે ગુજરાતી, તમિળ, તેલુગુ, હિન્દી, પંજાબી, કન્નડ, મલયાલમ અને બંગાળી ભાષાનાં કી-બોર્ડ તૈયાર કરી એક સાઈલેન્ટ ક્રાંતિનો આરંભ કરી દીધેલો. એમના ભાષાપ્રેમે એમને આ શોધ કરવા પ્રેર્યા. વાત એવી બની કે એ ગઝલશોખીન અને વ્યવસાયે ટેક્નોક્રેટ. ડાયરીનાં પાનાં પર લખાતી ગઝલો વેબ-પેજ પર જ લખાતી થાય તો? એ માટે ગુજરાતી કી-બોર્ડ જોઈએ. તો કોઈ ગુજરાતી કી-બોર્ડની શોધ કરે તેની રાહ જોવા કરતાં તેમણે પોતે જ આ સંશોધન કરી નાખ્યું.

એમણે એવું કી-બોર્ડ બનાવ્યું કે તમે અંગ્રેજી લિપિમાં ગુજરાતી શબ્દ લખો એટલે એ આપોઆપ ગુજરાતીમાં ફેરવાઈ જાય. આજે એ સુવિધા ટ્રાન્સલિટરેશન નામે જાણીતી છે. ટ્રાન્સલિટરેશનમાં તમે અંગ્રેજીમાં **Sadhana** એમ લખી સ્પેસ કી દબાવો એટલે તેનું ગુજરાતી 'સાધના' થઈ જાય છે.



પરિણામે ગુજરાતી લખવું સરળ બન્યું છે. આજે ઢગલાબંધ ગુજરાતી વેબ્સ, બ્લૉક, પોર્ટલ ઇન્ટરનેટ પર હાજર છે. એમાંથી ઘણીખરી જગ્યાએ આ રીતે જ ગુજરાતી લખવામાં આવે છે. વળી ગુજરાતી લખવાનું સરળ બન્યું હોવાને કારણે ગુજરાતી વેબસાઈટ્સ બનાવનારાઓ માટે પણ બહુ ચિંતા રહેતી નથી. એ માટે આપણે વિશાલને થેન્ક્સ કહેવું રહ્યું.

***કોઈને તેમની કામગીરીમાં રસ પડે તો http: // service.vishalon.net/pramukhtypepad.htm પર જઈ જાત-તપાસ કરી શકે છે. ગુજરાતી ઉપરાંતની ભાષાઓની પણ તેમણે આ રીતે સેવા કરી છે. આ સુવિધા ડાઉનલોડ કરવાની પણ સગવડ છે. એમણે પોતાના ટાઈપપેડનું નામ પ્રમુખ આપ્યું છે અને કામગિરી પણ પ્રમુખ જેવી જ છે.***

મૂળ ભાવનગર પાસેના નોંઘણવદરના વિશાલનો જન્મ તો અમરેલી પાસેના દામનગરમાં થયો છે. તેમના પિતા બચુભાઈ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી સાથે સંકળાયેલા છે અને હાલ જૂનાગઢના ટીંબાવાડી વિસ્તારમાં રહે છે. વિશાલે વડોદરાની મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીમાં કમ્પ્યૂટર સાયન્સમાં અભ્યાસ કર્યો છે. એ પછી અમેરિકામાં પણ તેમણે અભ્યાસ કર્યો છે અને હાલ હ્યુસ્ટનની એક કંપનીમાં ટેક્નિકલ કન્સલ્ટન્ટ તરીકે કામગીરી બજાવે છે. મેડિકલમાં એડ્મિશન મળતું હોવા છતાં તેમણે કમ્પ્યૂટરમાં આગળ વધવાનું નક્કી કર્યું કેમ કે તેમના નામે આ શોધ લખાયેલી હશે.

એ ગીત-ગઝલ-કવિતાના શોખીન છે અને લખતા રહે છે. એમની જ એક પંક્તિ સાથે વાત પૂરી કરીએ..

જગત આખું તારું, ઋણી રહેશે તમારું યુગો સુધી,<br>
ક્ષિતિજ બની ગગન સંભાળે એવા નોધારા મળ્યા છે..

- લલિત મિસ્ત્રી